જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સ: ૨૫૬૩૦૬૦૦

**તા.૦૫/૦૩/૨૦૨૩ રવિવાર**

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

### નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયા:- સમાચાર યાદી નં.૩૯૫/૨૦૨૩

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૯૦ કેસ કરી, ૮૮ વ્યક્તિઓને ઝડપી, ૩૧૨ લીટર દેશી દારૂ, ૬૪ બોટલ ઈંગ્લીશ દારૂ, ૦૬ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૨૬ બિયર ટીન, ૦૨ સ્કુટર અને ૦૧ કાર કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૦૭ કેસ કરી ૧૧ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧૩,૩૯૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

### તકેદારીના પગલા હેઠળ ઝડપાયા:- સમાચાર યાદી નં.૩૯૬/૨૦૨૩

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૧૦૮ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૦૪ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૧ વ્યક્તિની અટકાયત કરી હતી.

### છેતરપીંડીની ફરીયાદ:- સમાચાર યાદી નં.૩૯૭/૨૦૨૩

**સોલા હાઇકોર્ટ:** પ્રજ્ઞેશભાઇ જયંતીલાલ શેઠ (ઉ.વ.૬૫)(રહે.સન ડીવાઈન-૫, વ્રજધામ-૧ સામે, ચાણકયપુરી, ઘાટલોડીયા) એ તા.૦૪/૦૩/૨૦૨૩ ના રોજ સોલા હાઇકોર્ટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૦૪/૦૨/૨૦૨૩ સવારના ૧૧/૩૦ વાગ્યાના સુમારે પ્રજ્ઞેશભાઇ ઈન્ટરનેટના માધ્યમથી ગુગલમાં “બેંક ઓફ ઈન્ડીયા કસ્ટમરકેર” સર્ચ કરતા મળેલ નંબર ૯૮૨૭૨૭૬૩૦૧ ઉપર સંપર્ક કરતા મોબાઇલ ઉપર વાત કરનારે પોતે "બેંક ઓફ ઈન્ડીયામાંથી વાત કરૂ છું" તેમ હિન્દી ભાષામાં જણાવી, પ્રજ્ઞેશભાઇ પાસે “એની ડેસ્ક” નામની એપ્લીકેશન ડાઉનલોડ કરાવડાવી, પ્રજ્ઞેશભાઇના મોબાઈલમાં આવેલ OTP નો SMS મેળવી લઈ, ઓનલાઈન પ્રજ્ઞેશભાઇના બેંક ઓફ ઈન્ડીયાના ખાતામાંથી રૂપિયા ૨૫,૦૦૦/- તથા તા.૦૫/૦૨/૨૦૨૩ ના રોજ તેમના બેંક ઓફ ઈન્ડીયાના અન્ય ખાતાઓમાંથી અનુક્રમે રૂપિયા ૭૧,૦૦૦/-, ૨૦,૦૦૦/- અને ૩,૦૩૬/- મળી કુલ ચાર બેંક ખાતાઓમાંથી કુલ રૂપિયા ૧,૧૯,૦૩૬/- નું ઓનલાઈન ટ્રાંન્ઝેક્શન કરી લઇ પ્રજ્ઞેશભાઇ સાથે છેતરપીંડી અને વિશ્વાસઘાત કર્યો હતો. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી જે.બી.અગ્રાવત ચલાવે છે.

**નરોડાઃ** વિનાયક ચંદ્રભાન અરવીકર (ઉ.વ.૪૫)(રહે,લક્ષ્મીનગર સોસાયટી, સુતરના કારખાના નરોડા) એ નરોડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૮/૧૨/૨૦૨૦ થી ફેબ્રુઆરી/૨૦૨૩ સુધીના સમયગાળા દરમ્યાન નરોડા ગેલેક્ષી એવન્યુ ખાતે આવેલ "અક્ષ માર્કેટીંગ" નામની ઓફિસ ખાતે આરોપી અર્પીત મનુભાઇ પટેલ (રહે.શુભમ ગેલેક્ષી, હરીદર્શન ચાર રસ્તા પાસે, નવા નરોડા)એ વિનાયકભાઇ પાસેથી લોન કરાવવા માટેના જરૂરી ડોક્યુમેન્ટ મેળવી લઇ તેમજ સીક્યુરીટી પેટે વિનાયકભાઇના ૧૦ ચેક રાખી લઇ, લોન મંજુર કરાવી આપવાનો વિશ્વાસ આપી, વિનાયકભાઇના ડોક્યુમેન્ટ આધારે લોન મંજુર કરાવી લઇ, ઇન્ડીયન ઓવરસીસ બેન્કના ખાતામા જમા થયેલ લોનના નાણા પૈકી વિનાયકભાઇએ આપેલ સીક્યુરીટી ચેક મારફતે કુલ રૂપિયા ૭,૨૫,૦૦૦/- ઉપાડી લઇ વિનાયકભાઇને રૂપિયા પરત નહી આપી તેમજ સાહેદ (૧) રાહુલ ડાહ્યાભાઇ પટેલ નાઓની પણ આવી જ રીતે લોન મંજુર કરાવી તેમના રૂપિયા ૪,૮૧,૫૦૦/- તથા (૨)રાજેશ સોમાભાઇ ગજ્જર નાઓના રૂપિયા ૩,૦૦,૦૦૦/- તથા (૩)પ્રહલાદભાઇ લક્ષ્મણભાઇ સેનવા નાઓના રૂપિયા ૨,૮૫,૦૦૦/- તથા (૪)તરૂણભાઇ દિનેશભાઇ મણવર નાઓના રૂપિયા ૪,૮૮,૦૦૦/- મળી કુલ રૂપિયા  ૨૨,૭૯,૫૦૦/- મેળવી લઇ રૂપિયા પરત નહી કરી વિનાયકભાઇ તેમજ તમામ સાહેદો સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એસ.ટી.દેસાઇ ચલાવે છે.

**<u>ચોરીઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૩૯૮/૨૦૨૩</u>**

**આનંદનગરઃ** મુકેશભાઇ હિમતભાઇ હડીયા (ઉ.વ.૩૯)(રહે.મનોહરકુંજ સોસાયટી, રાધીકા બંગલોઝ સામે, નિકોલ) એ આનંદનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૦૪/૦૩/૨૦૨૩ સાંજના ૪/૦૦ થી ૪/૪૫ વાગ્યા દરમ્યાન આનંદનગર ૧૦૦ ફુટ રોડ પાસે આવેલ વિનસ એટલાંટીસ કોમ્પલેક્ષ નજીક હોટલ હોલીડે ઇન હોટલ સામે રોડ ઉપર પાર્ક કરેલ પોતાની ઇકો સ્પોર્ટ કારનો કાચ તોડી, અજાણી વ્યક્તિ કારની ડ્રાઇવર સીટ પાસેની સીટમાં મુકેલ ઓફીસ બેગ કે જેમાં અગત્યના દસ્તાવેજો અને રોકડ રૂપિયા ૯૦,૦૦૦/- મુકેલ હતાં તે બેગની ચોરી કરી લઈ ગઇ હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી ડી.બી.મહિડા ચલાવે છે.

**નારોલઃ** અનિલકુમાર ભભુતાજી માળી(સોની) (ઉ.વ.૩૦)(રહે.તીર્થ-૦૧ એપાર્ટમેન્ટ, કર્ણાવતી એપાર્ટમેન્ટ-૦૩ ની બાજુમાં ડીવાઈન લાઈફ સ્કુલ સામે નારોલ) એ નારોલ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૦૩/૦૩/૨૦૨૩ બપોરના ૧/૩૦ વાગ્યાના સુમારે નારોલ આકૃતિ ટાઉનશીપ પાછળ શાલિન હાઈટસ-૨ ગ્રાઉન્ડ ફલોર ઉપર આવેલ પોતાની "વિનાયક જવેલર્સ" નામની દુકાન નંબર-૧૯ માં ગ્રાહકના સ્વાંગમાં આવેલ કાજલબહેન તથા ધર્મેશભાઈ તથા તેમની સાથે આવેલ અન્ય અજાણી સ્ત્રીએ ભેગામળી લાકડાની ટ્રે માં મુકેલ સોનાની વીટીઓમાંથી કુલ નંગ-૦૮ સોનાની વિંટીઓ કુલ કિંમત રૂપિયા ૬૫,૦૦૦/- મતાની અનિલકુમારની નજર ચુકવી ચોરી કરી લઈ ગયા હતા. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એ.જી.બ્રિદ ચલાવે છે.

**<u>ચોથા માળેથી પડી જતા મૃત્યુઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૩૯૯/૨૦૨૩</u>**

**નરોડાઃ** જયંતીભાઇ વેલજીભાઇ રાઠોડ (ઉ.વ.૪૦)(રહે.ભીલવાસ આંબાવાડી પાસે સરદારનગર) તા.૦૪/૦૩/૨૦૨૩ સવારના ૯/૪૫ વાગ્યાના સુમારે નરોડા જી.આઇ.ડી.સી. ફેઝ-૧ માં આવેલ “શ્યામપર્લ મીલ” માં ચોથા માળે લીફ્ટમાં કલરકામ કરતા હતા ત્યારે અચાનક પગ લપસી જતાં નીચે પડી જતા શરીરે ગંભીર ઇજાઓ થતા સારવાર માટે નરોડા પાર્વતી જાદવ હોસ્પીટલ ખાતે લાવતા ફરજ પરનાં ડો.શ્રી એ તેમને મૃત જાહેર કર્યા હતા. આ અંગે નરોડા પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી પિયુષકુમાર નાથાભાઇ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ’વાદ શહેર.
પોલીસ કમિશનર વતી